| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૧૧/૦૨/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | : | ૧૧/૦૨/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | : | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૧ | ૧૯ |

**વાગરાનાં મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ. વાગરા.**

**ફોજદારી કેસ નંબર : ૭૭/૨૦૨૫**
**આંક :– ૨૮**

**ફરીયાદી :** **શ્રી સરકાર,**
વાગરા પોલીસ સ્ટેશન,
તા. વાગરા, જિ. ભરૂચ.

**વિરુધ્ધ.**

**આરોપી :** **દિનેશભાઈ ઠાકોરભાઈ આહીર,**
રહે. વાગરા કોઠી ફળીયું, તા. વાગરા, જિ. ભરૂચ.

**ગુન્હો : બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ**

| | |
|---|---|
| // ફરીયાદી તરફે વિ.એ.પી.પી.................... શ્રી જે. જી. વસાવા // | |
| // આરોપી તરફે વિ.વ............................. શ્રી જે.એચ.કાદરી // | |

**:: જજમેન્ટ ::**

**(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત :–**

ફરીયાદપક્ષની કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરીયાદીના

પતિ દિનેશભાઈ ઠાકોરભાઈ આહીર ઉ.વ. ૪૦, જાતે હિન્દુ આહીર, હાલ રહે. ત્રાલસા બસ ડેપો પાસે, તા. જિ. ભરૂચ, મુળ રહે. સાકરીયા આહીર ફળીયુ, તા. ઝઘડીયા, જિ. ભરૂચનાએ પોતાની મોટર સાયકલ હોન્ડા શાઈન જેનો રજીસ્ટર નં. જી.જે.–૧૬–ડી.એફ.–૫૯૦૯ ની લઈને નીકળેલા અને વાગરા ફાટક પાસે પોતાની કબજામાંની મોટર સાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મોટર સાયકલ પરનો કાબુ ગુમાવી મોટર સાયકલ સ્લીપ ખાઈ જતા પોતાના શરીરને નાની મોટી ઈજા પહોંચાડી તથા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી આરોપીએ બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનાઓ કર્યાનો આરોપ છે.

**(૨) પોલીસ કાર્યવાહી :–**

આમ, ઉપરોકત હકિકત મુજબની ફરીયાદ ફરીયાદીએ વાગરા પોલીસ સ્ટેશનમાં દાખલ કરતાં વાગરા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૬૨૪૦૫૧૩/૨૦૨૪ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરુધ્ધની વાગરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની

કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

આ કામે ત. ક. અધિકારીશ્રી દવારા આરોપી સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી તેમના વિધ્વાન વકિલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીને બી.એન.એસ.એસ. કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ સદર ગુનો સમન્સ ટ્રાયેબલ હોય તે મુજબની કાર્યવાહી અપનાવવામાં આવેલ અને આરોપીનું સ્ટેટમેન્ટ **આંક–૦૫** થી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કામ પુરાવા પર રહેલ.

## (૪) ફરીયાદપક્ષનો પુરાવો

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

### <u>મૌખિક પુરાવો</u>

| <u>ક્રમ</u> | <u>સાહેદ</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | સાહેદ સિરાજ ઈસ્માઈલ ભટ્ટીની જુબાની | ૦૬ |
| ૨ | પંચ સાહેદ સુરેશભાઈ મણીલાલ રાઠોડની જુબાની | ૦૭ |

| | | |
|---|---|---|
| ૩ | પંચ સાહેદ અરવીંદભાઈ મોતીભાઈ વસાવાની જુબાની | ૦૯ |
| ૪ | ફરીયાદી હિનાબેન દિનેશભાઈ આહિરની જુબાની | ૧૩ |
| ૫ | ડો. સાહેદ મોહમદ અશરફ યુસુફ પટેલની જુબાની | ૧૫ |
| ૬ | ત.ક.અ. રણજીતસિંહ પોલાભાઈ પરમારની જુબાની | ૨૨ |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ | ૦૮ |
| ૨ | અસલ ફરીયાદ | ૧૪ |
| ૩ | સી.એચ.સી. વાગરાનું સારવાર સર્ટીફીકેટ | ૧૬ |
| ૪ | દર્દીને ભરૂચ સિવિલ હોસ્પીટલ ખાતે રીફર કરેલ નોટ | ૧૭ |
| ૫ | ભરૂચ સિવિલ હોસ્પીટલનુ સારવાર સર્ટીફીકેટ | ૧૮ |
| ૬ | ડેપ્યુટ હુકમ | ૨૩ |

આ સિવાય ફરીયાદપક્ષે કોઈ પુરાવો રજુ રાખેલ નથી અને ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીનાં આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

## (૫) બચાવપક્ષનો પુરાવો :–

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીએ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે પોતાનાં બચાવમાં કોઈ સાહેદને પણ તપાસેલ નથી. આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે, અમો આરોપી તદન નિર્દોષ હોય, અમોને સદર

ગુનામા ખોટી રીતે સંડોવી દીધેલ છે.

**(૬) દલીલો :–**

સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી જે. જી. વસાવા તથા આરોપી તરફે વિ. વ. શ્રી જે.એચ.કાદરીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

**<u>મુદ્દા નં.૧</u>** :– શું ફરીયાદપક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીના પતિ દિનેશભાઈ ઠાકોરભાઈ આહીરનાએ પોતાની મોટર સાયકલ હોન્ડા શાઈન જેનો રજીસ્ટર નં. જી.જે.–૧૬–ડી.એફ.–૫૯૦૯ ની લઈને નીકળેલા અને વાગરા ફાટક પાસે પોતાની કબજામાંની મોટર સાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મોટર સાયકલ પરનો કાબુ ગુમાવી મોટર સાયકલ સ્લીપ ખાઈ જતા પોતાના શરીરને નાની મોટી ઈજા પહોંચાડી તથા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી આરોપીએ બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો

શિક્ષાને પાત્ર ગુનો આરોપીએ કર્યો છે ?

**મુદ્દા નં.૨** :– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

**મુદ્દા નં. ૧** :– નકારમાં.

**મુદ્દા નં. ૨** :– આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

**મુદ્દા નં.૧**

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં સૌપ્રથમ આ કામના સાહેદ સિરાજ ઈસ્માઈલ ભટ્ટીને **આંક–૦૬** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે છએક માસ પહેલા બનેલો. બનાવના દિવસે સાંજના વાગરા ખાતે આવેલા અને વાગરાથી તેઓનુ કામ પુરુ કરી પરત તેઓના ઘરે ઓછણ ગામ જતા હતા તે દરમ્યાન વાગરા ગામ બહાર આવતા વાગરા રેલ્વે ફાટક પાસે પહોંચેલા. તે દરમયાન એક મોટર સાયકલ વાળો તેની મોટર સાયકલ સ્પીડમાં લઈને જતો હતો. તે વખતે મોટર સાયકલ સ્લીપ ખાતા તે નીચે પડી ગયેલ અને તે મોટર સાયકલ ચાલકને મોઢાના ભાગે તથા શરીરે ઈજાઓ થયેલી. ત્યારબાદ આજુબાજુમાં ઘણા લોકો ભેગા થઈ ગયેલા. તેમાથી કોઈએ ૧૦૮ એમ્બયુલન્સને ફોન કરતા તે આવી ગયેલી

અને તે મોટર સાયકલ ચાલકને વાગરા સરકારી દવાખાને સારવાર માટે મોકલેલો. આ બનાવ બાબતે પોલીસે તેઓનુ નીવેદન લીધેલુ. આ મોટર સાયકલના ચાલકને તેઓ જોયેથી ઓળખી શકે નહી કારણકે તેના મોઢા પર વાગેલુ હતુ અને રાત્રીનો સમય હતો.

ત્યારબાદ, તેઓ આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બનાવ રેલ્વે ફાટક પાસે બનેલો. ફાટકની બંને તરફ રોડ ઉપર બમ્પ આવેલ છે. તેઓ પહોંચ્યા તે પહેલા બનાવ બની ગયેલો. અકસ્માતનો બનાવ કેવી રીતે બનેલો તે તેઓએ નજરે જોયેલ નહી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે પંચ સાહેદ સુરેશ મણીલાલ રાઠોડને **આંક–૦૭** તેમજ પંચ સાહેદ અરવિંદભાઈ મોતીભાઈ વસાવાને **આંક–૦૯** થી તપાસેલ છે, તેઓને ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવતા તેમાં પંચો તરીકે તેઓની સહી ઓળખી બતાવતા હોય, પંચનામું **આંક–૦૮** થી રજુ કરવામાં આવેલ છે. સદર સહી તેઓએ છએક મહીના પહેલા વાગરા પોલીસ સ્ટેશનમાં કરેલી. પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ કશું જાણતા નથી. સદર પંચ સાહેદોએ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપેલ ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ

તેઓએ પંચનામાંની હકિકતોનો ઈન્કાર કરેલ છે.

**(૧૧)** ત્યારબાદ, ફરીયાદપક્ષે ફરીયાદી હિનાબેન દિનેશભાઈ આહીરને **આંક–૧૩** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ તેમની બહેન મીનાક્ષીબેનાનાઓને ડિલિવરી થતા તેઓ તેમના ઘરે સાચણ મુકામે દેખરેખ માટે આવેલા હતા અને તેમના પતિ ત્રાલસા મુકામે ઘરે હતા અને તેમના પતિ બીજા દિવસે સાચણ મુકામે આવતા હતા તે વખતે તેઓને વાગરા રેલવે ફાટક પાસે અકસ્માત થયેલો. જે અકસ્માતમાં તેઓને ઈજાઓ થયેલી અને આ અકસ્માત અંગે તેઓને કોઈનો ફોન આવેલો જેથી જાણ થયેલી અને તેમના પતિને અકસ્માતમાં ઈજાઓ થતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલ ભરૂચ ખાતે લઈ ગયેલા હોવાનુ જાણેલુ.જેથી તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ગયેલા અને તેમના પતિને જોયેલ તો તેમના પતિને મોઢાના ભાગે તથા હાથે અને પગે ઈજાઓ થયેલ હતી અને માથામાં અંદરના ભાગે ઈજા થયેલી હતી અને તેઓને સારવાર માટે દાખલ કરેલા હતા. તેઓને કોઈનો ફોન આવેલો તેનાથી તેઓએ જાણેલુ કે તેમના પતિ આ જગ્યા ઉપર પડી ગયેલા છે અને તેમને સારવાર માટે સિવિલ હોસ્પીટલ લઈ ગયેલા છે. આ અકસ્માત કેવી રીતે થયેલો તેની તેઓને ખબર નથી. આ બનાવ બાબતે તેઓએ ભરૂચ સિવિલ હોસ્પીટલ

ખાતે પોલીસને ફરીયાદ આપેલી. જે અસલ ફરીયાદ બતાવવામા આવતા તેમા ફરીયાદી તરીકે તેઓની સહી ઓળખી બતાવતા હોય, સદર ફરીયાદ **આંક–૧૪** થી રજુ કરવામાં આવેલ છે.

ત્યારબાદ, તેઓ આરોપીના વિ.વ.શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, પોલીસે ફરીયાદ તેમની રીતે લખી રાખેલી તેમા તેઓની સહી કરાવેલી.

**(૧૨)** ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ મોહમદ અશરફ યુસુફ પટેલને **આંક–૧૫** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૨૧/૦૯/૨૦૨૪ ના રોજ તેઓ સી.એચ.સી. વાગરા ખાતે મેડિકલ ઓફિસર તરીકે તેઓની ફરજ ઉપર હતા. તે દરમ્યાન રાત્રીના નવ વાગ્યે એક દર્દી નામે દિનેશભાઈ ઠાકોરભાઈ આહીર રહે. ત્રાલસાનાઓ સારવાર યાદી વિના સારવાર માટે આવેલ હતા. તેઓ બેભાન અવસ્થામા અકસ્માત થયેલી હાલતમાં મળી આવેલ હોય તેઓને ૧૦૮ મારફતે સારવાર માટે લાવવામાં આવેલ હતા. તેમને તપાસતા આ પ્રમાણે ઈજાઓ જણાયેલી. (૧) માથાના ભાગે મૂઢ માર વાગવાથી ગંભીર ઈજા જણાયેલી. (૨) ડાબી આંખની ઉપરના ભાગે એક કપાયેલો ઘા જે ૨×૦.૫ સેમીનો (૩) તેમના બંને હાથ ઉપર તથા પગે અને પગના પંજા ઉપર એકથી વધુ ઉઝરડાના નિશાન હતા. દર્દીની આ ઈજાઓ અડધો કે એક કલાક દરમ્યાનની હતી અને ઈજાઓ તેમને અકસ્માતમાં થયેલી હતી. જે કેટલા સમયમાં

રિકવર થઈ શકે તે કહી શકાય તેમ ન હતુ. સદર દર્દીને તેઓએ પ્રાથમિક સારવાર આપેલ અને તેઓને માથાના ભાગે થયેલ ઈજા ગંભીર પ્રકારની હોય તેની વધુ સારવાર જરૂરી હોય, જેથી સદર દર્દીને વધુ સારવાર માટે રિફર યાદી આપી સિવિલ હોસ્પીટલ ભરૂચ ખાતે રિફર કરવામાં આવેલ. સદર દર્દીને આપેલ સારવાર બદલ તેઓએ સારવાર પ્રમાણપત્ર તેઓના હસ્તાક્ષરમાં તૈયાર કરેલુ રજુ કરેલ છે. જેમાં મેડિકલ ઓફિસર સી.એચ.સી. વાગરા તરીકે તેઓની સહી તેઓ ઓળખી બતાવતા હોય, તે મેડિકલ સર્ટિફિકેટ **આંક–૧૬** થી રજુ કરેલ છે. સદર દર્દીને વધુ સારવાર માટે સિવિલ હોસ્પીટલ ભરૂચ ખાતે રિફર કરેલ જેની ખરી નકલ **આંક–૧૭** થી રજુ કરેલ છે. જેમાં ખરી નકલ કરનાર તરીકે તેઓની સહી છે જે સહી તેઓ ઓળખી બતાવે છે. તેઓના મત મુજબ દર્દીની ઈજાઓ અકસ્માત થવાથી થયેલ હોવાનુ જણાયેલુ.

ત્યારબાદ, તેઓ આરોપીનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, દર્દીને સારવાર માટે લાવ્યા ત્યારે દર્દી સભાન અવસ્થામા નહતો. દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પીટલમાં રીફર કર્યો.

ફરીયાદપક્ષે **આંક–૧૮** થી ભરૂચ સિવિલ હોસ્પીટલના મેડિકલ સર્ટિફિકેટની ખરી નકલ રજુ કરેલ છે.

**(૧૩)** ત્યારબાદ, ફરીયાદપક્ષે ત.ક.અધિકારી રણજીતસિંહ પોલાભાઈ પરમારને **આંક–૨૨** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૨૨/૦૯/૨૦૨૪ ના રોજ ટેલીફોન વર્ધી આધારે તેઓ સિવિલ હોસ્પીટલ ભરૂચ ખાતે ગયેલ. જયાં ફરીયાદી હિનાબેન દિનેશભાઈ ઠાકોરભાઈ, રહે. ત્રાલસા, તા.જિ. ભરૂચનાઓએ તેઓની રૂબરૂમાં ભરૂચ સિવિલ હોસ્પીટલ ખાતે ફરીયાદ આપેલ હતી કે, તા. ૧૫/૦૯/૨૦૨૪ ના રોજ તેઓના બહેનના ગામ સાચણ ખાતે રોકાવવા માટે આવ્યા હતા અને તા. ૨૧/૦૯/૨૦૨૪ ના રોજ તેમના પતિનો ફોન આવેલ કે, ''હુ તને લેવા માટે આપણા ઘરેથી સાચણ મુકામે આવુ છુ.'' ત્યારબાદ તેમના પતિનો બાદમાં ફોન આવેલ અને તેઓએ ફોન ઉપાડેલ નહી. બાદમાં તેઓને નરોતમભાઈનો ફોન આવેલ અને કહેલ કે, તમારા પતિનુ વાગરા ફાટક પાસે અકસ્માત થયેલ અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વાગરા સરકારી દવાખાને ખાતેથી ભરૂચ સિવિલ હોસ્પીટલ ખાતે લઈ ગયેલા અને તેઓએ તેમના પતિને જોતા તેમના પતિને દાખલ કરેલ. ફરીયાદીના પતિના જમણા હાથે કોણીના ભાગે છોલાયેલ તેમજ ડાબા હાથે કાંડાના ભાગે ઈજા થયેલી હતી. ડાબી આંખના નીચેના ભાગે તથા ડાબા પગે ઘૂંટણના ભાગે ઈજા થયેલ હતી. તેમજ માથાના ડાબા ભાગે ગંભીર ઈજા થયેલી. એમ તેમના પતિ ત્રાલસા ગામેથી સાચણ ગામે તેમની મોટર સાયકલ હોન્ડા સાઈન નં. જી.જે.–૧૬–ડી.એફ.–૫૯૦૯ લઈને આવતા હતા. તે વખતે વાગરા ફાટક પાસે મોટર સાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે

હંકારી લાવી મોટર સાયકલનો કાબુ ગુમાવતા સ્લીપ ખાઈને પડી જતા તેઓને શરીરે નાની–મોટી ઈજાઓ તથા માથાના ભાગે ગંભીર ઈજા થયેલ હતી. તે મતલબની ફરીયાદ હકિકત તેઓના સમક્ષ જણાવતા તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ તેઓના રૂબરૂની લખી લીધેલ અને તેમના લખાવ્યા મુજબની તે ફરીયાદ હોય તેમા ફરીયાદીએ સહી કરેલ તથા રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. તેઓને **આંક–૧૪** થી રજુ કરેલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદીની તથા રૂબરૂ તરીકે તેઓની સહી તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ ફરીયાદીની ફરીયાદ લઈ પો. સ્ટે. આવી સદર ફરીયાદ આગળની કાર્યવાહી માટે પી.એસ.ઓ.મા રજુ કરેલ. જે આધારે પી.એસ.ઓ. હે.કો. હાર્દિકભાઈ કિશોરભાઈનાઓએ વાગરા પો.સ્ટે.ગુ.ર.નં. ૦૫૧૩/૨૦૨૪, બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો રજિસ્ટર કરી તે ગુનાની તપાસ તેઓને ડેપ્યુટ હુકમથી સોંપેલ. જે હુકમ તેઓને બતાવતા તેઓ તેમા પી.એસ.ઓ. હાર્દિકભાઈ કિશોરભાઈનાઓની સહી ઓળખી બતાવતા હોય, જે તપાસ સોંપણીનો હુકમ **આંક–૨૩** થી રજુ કરેલ છે. બાદ આ ગુનાની તપાસ સંભાળી તેઓએ ગુનાવાળી જગ્યાની સ્થળ મુલાકાત લઈ બે સ્વતંત્ર પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. તેઓને **આંક–૦૮** વાળુ પંચનામુ બતાવવામાં આવે છે  જેમાં બંને પંચોની તથા રૂબરૂ તરીકે તેઓની સહી તેઓ

ઓળખી બતાવે છે. બાદ આ ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તપાસના કામમાં સામેલ રાખેલ તથા ઈજા પામનાર દિનેશભાઈ ઠાકોરભાઈનાઓને આ અકસ્માતમાં થયેલી ઈજાઓ બદલ વાગરા સી.એચ.સી. તથા સિવિલ હોસ્પીટલ ભરૂચ ખાતે સારવાર લીધેલ હોય, તેઓના સારવાર સર્ટીફિકેટ મેળવી તપાસના કામમાં સામેલ રાખેલ. તથા આ કામના આરોપીને આ ગુનાના કામે બી.એન.એસ. ૩૫(૧)(૩) મુજબ નોટીસ આપેલ અને હાજર રહેવા માટે યોગ્ય રકમના જામીન લઈ જામીન મુકત કરેલ. બાદ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી માટે ચાર્જશીટ રજુ કરેલ

ત્યારબાદ, તેઓ આરોપીનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બનાવની ફરીયાદ તેઓએ લીધેલ છે અને બનાવની તપાસ પણ તેઓએ જ કરેલ છે. બનાવવાળા સ્થળે રેલવે ફાટક આવેલી છે. તેઓ એ હકિકતનો ઈન્કાર કરે છે કે, ફાટકની બંને તરફ જતા રોડ ઉપર બમ્પ આવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, એક તરફના રોડ પર જ બમ્પ આવેલ છે. બનાવ રાત્રીના સમયે બનેલો હતો. આ કામે તપાસ દરમ્યાન તેઓએ ફાટક ઉપરના રેલવેકર્મીનો કોઈ જવાબ લીધેલ નથી.

**(૧૪)** ઉપરોકત મુજબનાં રેકર્ડ ઉપરનાં પુરાવાની વિ. વ. શ્રીઓની

દલીલ સાથે સૌ પ્રથમ ફરીયાદપક્ષે મુખ્યત્વે મોટર એકસીડન્ટનાં કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીથી ડ્રાઈવિંગ કરવા બદલ દોષીત ઠરાવવા માટેનાં જે ધોરણો છે તેમાં સૌ પ્રથમ ફરીયાદપક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, આરોપી ડ્રાઈવરે બેદરકારીથી અને ગફલતભરી રીતે પોતાનાં હવાલાવાળા વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો. ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતનાં પુરાવાનાં અભાવે માત્ર એરર ઓફ જજમેન્ટનાં આધાર ઉપર આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષીત ઠરાવી શકાય નહી.

આ બાબતમાં નામ. ઓરીસ્સા વડી અદાલતને ૧૯૯૪ ક્રિમીનલ લો–જનરલ, પાનાં નં. ૩૮૯ પર પ્રસિધ્ધ થયેલ બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટનાં કેસનાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

(A) Penal Code (45 of 1860), S.279 – NEGLIGENCE – Rash and negligent driving – Offence under – Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness of error of judgement, not sufficient – Accident resulting in death ailure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high shpped, not sufficient – Accused entitled for acquittal.

(B) વધુમાં એમ પણ ઠરાવેલ છે કે, "Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and

negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgement. The essential ingredients of Section 279 are :

- Rash and negligent driving or riding on a public way.
- The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.

**(૧૫)** ઉપરોકત મુજબની કાયદાકીય પરીસ્થિતી તથા કલમોમાં જણાવેલ ગુનાહિત તત્વોને ધ્યાને લેઈ ફરીયાદપક્ષ તરફે ઉપરોકત વિગતોએ ફરીયાદી તથા સાહેદોએ સોગંદ ઉપર જુબાની આપેલ છે તેનું ઝીણવટભરી રીતે મૂલ્યાંકન કરવામાં આવે તો, હાલનાં કામે **આંક–૦૮** થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદોને **આંક–૦૭ અને આંક–૦૯** થી તપાસેલ છે તેઓ ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોય હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં ફરીયાદપક્ષને મદદકર્તા કોઈ જ હકિકત રેકર્ડ પર આવવા પામેલ નથી. વધુમાં

**આંક–૦૬** થી તપાસેલ સાહેદનો પુરાવો જોવામાં આવે તો, તેઓ વાગરા રેલ્વે ફાટક પાસે પહોંચેલા. તે દરમયાન એક મોટર સાયકલ વાળો તેની મોટર સાયકલ સ્પીડમાં લઈને જતો હતો. તે વખતે મોટર સાયકલ સ્લીપ ખાતા તે નીચે પડી ગયેલ અને તે મોટર સાયકલ ચાલકને મોઢાના ભાગે તથા શરીરે ઈજાઓ થયેલી. ત્યારબાદ આજુબાજુમાં ઘણા લોકો ભેગા થઈ ગયેલા. તેમાથી કોઈએ ૧૦૮ એમ્બયુલન્સને ફોન કરતા તે આવી ગયેલી અને તે મોટર સાયકલ ચાલકને વાગરા સરકારી દવાખાને સારવાર માટે મોકલેલો તેવી હકિકત તેમની સરતપાસમાં જણાવે છે. પંરતુ સરતપાસમાં છેલ્લે એવી હકિકત પણ જણાવે છે કે, આ મોટર સાયકલના ચાલકને તેઓ જોયેથી ઓળખી શકે નહી કારણકે તેના મોઢા પર વાગેલુ હતુ અને રાત્રીનો સમય હતો. જયારે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તેઓ એ હકિકત કબુલ કરે છે કે, તેઓ પહોંચ્યા તે પહેલા બનાવ બની ગયેલો. તેમજ અકસ્માતનો બનાવ કેવી રીતે બનેલો તે તેઓએ નજરે જોયેલ નહી. તેથી સદર સાહેદના પુરાવાથી ચાલક મોટર સાયકલ સ્પીડમાં લઈને જતો હતો દરમ્યાન મોટર સાયકલ સ્લીપ ખાતા તે નીચે પડી ગયેલ અને તે મોટર સાયકલ ચાલકને મોઢાના ભાગે તથા શરીરે ઈજાઓ થયેલી હોવાની હકિકત પુરવાર થાય છે પરંતુ આ મોટર સાયકલના ચાલકને તેઓ જોયેથી ઓળખી શકે નહી તેવી હકિકત પણ રેકર્ડ ઉપર આવવા પામેલ છે તેમજ તેઓ પહોંચ્યા તે પહેલા બનાવ બની ગયેલો તેથી આ કામના આરોપી પોતાના કબજાવાળુ વાહન ગફલતભરી રીતે

હંકારી લાવેલ તેવી હકિકત પુરવાર થતી ન હોય, સદર આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. ત્યારબાદ **આંક-૧૩** થી તપાસેલ ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો, તેમના પતિ સાચણ મુકામે આવતા હતા તે વખતે તેઓને વાગરા રેલવે ફાટક પાસે અકસ્માત થયેલો. જે અકસ્માતમાં તેઓને ઈજાઓ થયેલી અને આ અકસ્માત અંગે તેઓને કોઈનો ફોન આવેલો જેથી જાણ થયેલી અને તેમના પતિને અકસ્માતમાં ઈજાઓ થતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલ ભરૂચ ખાતે લઈ ગયેલા હોવાનુ જાણેલુ. તેઓને કોઈનો ફોન આવેલો તેનાથી તેઓએ જાણેલુ કે તેમના પતિ આ જગ્યા ઉપર પડી ગયેલા છે અને તેમને સારવાર માટે સિવિલ હોસ્પીટલ લઈ ગયેલા છે. તેવી હકિકત રેકર્ડ ઉપર આવેલ છે તેમજ ફરીયાદી પોતાની સરતપાસમાં છેલ્લે એવી હકિકત પણ જણાવે છે કે, આ અકસ્માત કેવી રીતે થયેલો તેની તેઓને ખબર નથી. જયારે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, પોલીસે ફરીયાદ તેમની રીતે લખી રાખેલી તેમા તેઓની સહી કરાવેલી. જેથી ફરીયાદીના પુરાવાથી આરોપીને ગુના સાથે સાંકળી શકાય નહી. ત્યારબાદ આંક-૧૫ થી તપાસેલ ડોકટર સાહેદનો પુરાવો જોવામાં આવે તો, તેઓના પુરાવાથી આરોપીને ઈજા થયેલ હોવાનુ પુરાવાર થાય છે અને તેમના અભીપ્રાય મુજબ આ ઈજાઓ અકસ્માતથી થયેલ હોવાનુ જણાયેલ. તેમજ તેઓ આંક-૧૬ થી  આરોપી/ઈજાપામનારને આપેલ સારવાર સર્ટીફીકેટ અને આંક-૧૭ થી આરોપી/ઈજાપામનારને વધુ સારવાર માટે ભરૂચ સિવિલ

હોસ્પીટલમાં રીફર કરેલની નોટ રજુ કરે છે. જેનાથી આરોપી ને ઈજા થયેલ હોવાની હકિકત તો ફલીત થાય છે પરંતુ સદર ઈજા તેઓને બેદરકારી પુર્વક વાહન ચલાવવાથી બાઈક સ્લીપ થવાથી થયેલ હોવાની હકિકત પુરવાર થતી નથી તેથી સદર સાહેદના પુરાવાથી પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. વધુમાં આંક–૨૨ થી તપાસેલ ત.ક.અમલદારનો પુરાવો જોવામાં આવે તો તેઓએ ફરીયાદ લેવી, પંચનામુ કરવુ, સાહેદોના નિવેદનો નોંધવા જેવી ફરજના ભાગરૂપે કરેલ કામગીરીનો પુરાવો આપે છે જયારે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, બનાવવાળા સ્થળે રેલવે ફાટક આવેલી છે. આ કામે તપાસ દરમ્યાન તેઓએ ફાટક ઉપરના રેલવેકર્મીનો કોઈ જવાબ લીધેલ નથી. ઉકત તપાસેલ સાહેદોની જુબાનીમાં સદર અકસ્માત કોની કસુરથી થયેલ તે હકિકત તથા આરોપી પોતાનાં કબજાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા હોવાની હકિકત જણાઈ આવતી નથી. આમ, રેકર્ડ ઉપરનો તમામ પુરાવો એક સાથે જોવામાં આવે તો બનાવ સમયે અને સ્થળે અકસ્માત થયેલાનું અને આરોપીને ઈજા થયેલાનું ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે, પરંતુ સદર અકસ્માત સમયે અકસ્માતમાં સંડોવાયેલ વાહનની ગતી શું હતી અને કોની કસુરનાં કારણે અકસ્માત થયેલ તે તથા અકસ્માતમાં સંડોવાયેલ વાહનની માલીકી કે કબજા બાબતનો પણ કોઈ આધાર રજુ થયેલ નથી ત્યારે હાલના અકસ્માત સમયે હાલનાં આરોપીએ અકસ્માતમાં સંડોવાયેલ પોતાનાં કબજા હવાલાવાળુ વાહન પુરઝડપે, ગફલતભરી

રીતે અને બેદરકારીપૂર્વક હંકારવાનાં કારણે અકસ્માત થયેલ હોવાની હકિકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નથી.

**(૧૬)** આમ, ઉપરોકત કરેલ વિગતવાર ચર્ચા તથા જણાવેલ કારણોસર ફરીયાદપક્ષે હાલનાં ગુનાનાં કામે મુખ્ય આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ નથી તથા બનાવ સમયે, સ્થળે અને વિગતે હાલનાં આરોપીએ પોતાનાં કબજા ભોગવટાનું વાહન પુરઝડપે ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક હંકારી લાવી પોતાને જ ઈજા પહોંચાડેલ હોવાની હકિકત શંકાથી પર પુરવાર થતી નથી અને ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાનાં સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ઘ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાના કેસની હકિકતો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય **મુદા નં. ૧** નો જવાબ "**નકારમા**" ઠરાવી **મુદા નં. ૨** પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## **–:: હુ ક મ ::–**

**(૧)** આ કામનાં આરોપી **દિનેશભાઈ ઠાકોરભાઈ આહીર,** રહે. વાગરા કોઠી ફળીયું, તા. વાગરા, જિ. ભરૂચનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧ અન્વયે બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી)

તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અપીલના સમય માટે રૂા. ૫૦૦૦/– નાં જામીન તથા એટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ **તા. : ૩૦ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૩૦/૦૩/૨૦૨૬<br>સ્થળ : વાગરા | **( આર. સી. સોઢાપરમાર )**<br>એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વાગરા,<br>કોડ નં. જી.જે. ૦૧૧૫૮ |